# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-10-2023** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિતલ પટેલ વાંચે છે.

---

- **રાજ્ય સરકારે ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિ- ૨૦૨૩ની જાહેરાત કરી છે.**
- **રાજ્યના શ્રમિકોનું માસિક લઘુત્તમ વેતન વધારીને ખાસ ભથ્થા સાથે ૧૨ હજાર રૂપિયા થશે. રાજ્યના આશરે બે કરોડથી વધુ શ્રમિકોને લાભ થશે.**
- **લદ્દાખમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી) દ્વારા ડેરી પ્લાન્ટનું નવીનીકરણ કરાયું.**
- **આગામી 10 ઓકટોબર સુધી ચાલનારા વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો - અમદાવાદ સાયન્સ સિટી ખાતે વિશેષ કાર્યક્રમો યોજાશે.**
- **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ICC પુરુષ વિશ્વ કપનો આજથી આરંભ થઈ રહ્યો છે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RENEWABLE ENERGY POLICY

રાજ્ય સરકારે ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિ- ૨૦૨૩ની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં આ નવી ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિની જાહેરાત કરી હતી. આ નિતી પવન, સૂર્ય અને હાઇબ્રીડ ટેકનોલોજી પર આધારિત પુનઃપ્રાપ્ય ઉર્જા પ્રોજેક્ટસની સ્થાપનાને પ્રોત્સાહન આપનારી છે. આ નિતિનો સમયગાળો નવી પોલીસી જાહેર થતાં સુધીનો અથવા આગામી ૨૦૨૮ સુધીનો રાખવામાં આવ્યો છે.

એટલું જ નહીં, આ નિતિ અંતર્ગત જમીન પરના સોલાર, રૂફટોપ સોલાર, ફ્લોટીંગ સોલાર, કેનાલ ટોપ સોલાર અને વિન્ડ, રૂફટોપ વિન્ડ અને વિન્ડ-સોલાર હાઇબ્રીડ પ્રોજેક્ટસને આવરી લેવામાં આવશે.

નવી નિતિના કારણે આ ક્ષેત્રે પાંચ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થવાની પણ સંભાવનાઓ છે.

મુખ્યમંત્રીએ જાહેર કરેલી આ પોલીસી હેઠળના લાભો પ્રોજેક્ટ શરૂ થવાની તારીખથી ૨૫ વર્ષના અથવા રિન્યૂએબલ પ્રોજેક્ટસના લાઈફ ટાઈમ સમયગાળા પૈકી જે વહેલું હોય તે માટે લાગુ થશે.

આ પોલીસી અન્વયે પ્રોજેક્ટની નોંધણી, માન્યતા, જેવી કામગીરી માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી કાર્યવાહી કરશે.

---

-રીપીટ

# Monthly minimum workers

રાજ્યના શ્રમિકોનું માસિક લઘુત્તમ વેતન ૧૧ હજાર ૪૬૬ રૂપિયાથી વધીને ખાસ ભથ્થા સાથે ૧૨ હજાર ૦૧૨ રૂપિયા થશે. આ વધારાથી રાજ્યના આશરે બે કરોડથી વધુ શ્રમિકોને લાભ થશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારે ચાલુ વર્ષે બજેટ સત્ર દરમિયાન વર્ષ-૨૦૨૩માં શ્રમિકોના લઘુત્તમ વેતનમાં ૨૫ ટકા જેટલો વધારો કર્યો હતો. હવે, માસિક ૫૪૬ રૂપિયાનું ખાસ ભથ્થુ તેમના વેતનમાં આપવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, રાજ્યના ઝોન-૧ અને ઝોન-૨ના કુશળ, અર્ધ કુશળ અને બિન કુશળ કેટેગરીનાં તમામ શ્રમિકોના વેતનમાં ખાસ ભથ્થા તરીકે ૨૧ રૂપિયા આપવામાં આવશે, જે ગતા તા.૧લી ઓક્ટોબરથી તા.૩૧મી માર્ચ ૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

---

-માહિતી, મિત્તલ-(નવીન)

# NDDB DAIRY

લદ્દાખમાં એનડીડીબી દ્વારા ડેરી પ્લાન્ટનું નવીનીકરણ કરાયું લદ્દાખના લેફ્ટેનેન્ટ ગવર્નર બ્રિગેડીયર ડૉ. બી. ડી. મિશ્રાએ ગઇકાલે લદ્દાખ ડેરી કોઑપરેટિવ ફેડરેશનના નવીનીકરણ કરવામાં આવેલા ડેરી પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

એનડીડીબી દ્વારા સંચાલિત લદ્દાખ ડેરી ફેડરેશન પશુપાલકો માટે પારદર્શક અને સારું મહેનતાણું આપનારી મિલ્ક પ્રોક્યોરમેન્ટ સિસ્ટમની સ્થાપના કરવાની દિશામાં કામ કરશે. લદ્દાખ ડેરી ફેડરેશનની કામગીરીઓને શરૂ કરવા અને સરળતાથી તેનું સંચાલન કરવા માટે આ ડેરી ફેડરેશન માટે રૂ.40 લાખનું અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે. ગ્રાહકોને પણ ગુણવત્તાયુક્ત દૂધ અને દૂધના ઉત્પાદનો પરવડે તેવી કિંમતે મળશે. પશુપાલકો પાસેથી ખરીદવામાં આવેલા દૂધ પર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ઓમા બ્રાન્ડ હેઠળ તેનું વેચાણ કરવામાં આવશે. આ ઉપરાંત, લદ્દાખ ફેડરેશન લદ્દાખમાં સ્થિત ભારતીય સેનાને પણ તાજું પેસ્ચુરાઇઝ્ડ દૂધ પૂરું પાડશે.

ઉલ્લેખનીય છે કે, 5 વર્ષના સમયગાળા માટે લદ્દાખ ડેરી કોઑપરેટિવ ફેડરેશનને સંચાલકીય અને ટેકનિકલ સપોર્ટ પૂરો પાડવા માટે એનડીડીબીએ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ અને લદ્દાખ ઑટોનોમસ હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલ સાથે ત્રિપક્ષીય સમજૂતી કરાર કર્યા છે.

---

-પીટીસી,આણંદ, અપર્ણા મેમ, મિતલ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# CM - MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મુખ્યમંત્રી કાર્યાલય ખાતે નાગરિકોને મળી વાતચીત કરશે.

સામાન્યતઃ અઠવાડિયાના પ્રથમ બે દિવસે એટલે કે સોમવાર અને મંગળવારે નાગરિકો મુખ્યમંત્રીશ્રીને મળી શકતા હોય છે. પરંતુ આ સોમવારે તારીખ ૨ ઓક્ટોબરે ગાંધી જયંતિની સરકારી કચેરીઓમાં જાહેર રજા હોવાથી આ નિર્ણય લેવાયો છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# World Space Week

આગામી 10 ઓક્ટોબર સુધી ચાલનારા વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આપણા જીવનમાં પડેલા બહોળા પ્રભાવને ઉજાગર કરવા વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

**અમદાવાદના સાયન્સ સીટી ખાતે ગઇકાલે આંતરરાષ્ટ્રીય અવકાશ સપ્તાહનો પ્રારંભ થતાં નરોત્તમ સાહુ એ વધુ વિગતો આપતા આ પ્રમાણે જણાવ્યું**

(બાઇટ)

આ સપ્તાહ દરમિયાન ઓડિટોરિયમ બહાર વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શન પણ ખુલ્લુ મુકવામાં આવ્યું છે. 4 થી 10 ઓક્ટોબર દરમિયાન આ પ્રદર્શન વિદ્યાર્થીઓ તેમજ મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે.

-----------------------------------------------------------------

-અપર્ણા મેમ, મિત્તલ -(નવીન)

# ICC WORLD CUP-AHMEDABAD

ગુજરાતના અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ICC પુરુષ વિશ્વ કપનો આજથી આરંભ થઈ રહ્યો છે. આજે પહેલી મેચ ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે. દરમિયાન અમદાવાદના મોટેરા વિસ્તારના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહીત અન્ય વિસ્તારોમાં સાડા ત્રણ હજારથી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

અમદાવાદના અમારા સંવાદદાતા જણાવે છે કે અમદાવાદ ખાતે 14 ઓક્ટોબરે ભારત-પાકિસ્તાનની રસાકરીભરી મેચ રમાશે. મેચ જોવા માટે આવનારા દર્શકોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખીને સ્ટેડિયમના મુખ્ય સ્થળો પર ક્વિક રિસ્પોન્સ ટીમ્સ (QRT) અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ ટીમ (BDDS) સહિતની વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આકાશવાણી સાથે વાત કરતા ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અનિલ પટેલે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું હતું

(બાઈટ)

આ ઉપરાંત એસોસિએશ દ્વારા કેન્સર પીડિત 20 ક્રિકેટ ચાહકો અને તેમની સાથે આવેલા ડોક્ટર માટે મેચ જોવા માટે ખાસ વ્યવસ્થા કરી છે.

દરમ્યાન અમદાવાદ મેટ્રો રેલ સેવાનો સમય પણ મેચના દિવસોમાં રાત્રે ત્રણ કલાક વધારવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

-અપર્ણા ખૂંટ, જયેશ વેગડા -(નવીન)

# Fisherman Pakistani boat

કચ્છના સરક્રિક પાસે વધુ એક વખત પાકિસ્તાની બોટ સાથે માછીમાર ઝડપાયો છે. સરક્રિક પાસે બી.એસ.એફ.એ શંકાસ્પદ જણાતા તપાસ કરી હતી.

સરક્રિક પાસે એક બોટ સાથે એક પાકિસ્તાની માછીમારને BSFએ ઝડપી લીધો હતો.

અમારા કચ્છ-ભૂજના પ્રતિનીધી રામજી મેરીયાના જણાવ્યા અનુસાર પકડાયેલો પાકિસ્તાની માછીમારની ઓળખ 50 વર્ષીય મોહમ્મદ ખમેસા તરીકે કરવામાં આવી છે. તે પાકિસ્તાનના સાદિક ગામનો રહેવાસી છે.

---------------------------------------------------------------------

-પીટીસી, કચ્છ-ભૂજ, રામજી મેરીયા, રિદ્ધિ -(નવીન)

# Rajkot Lockdiro

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં લોકડાયરો રજૂ કરવા ઇચ્છતા લોકગાયકો, સાહિત્યકારો અને હાસ્ય કલાકારો માટે અરજીઓ મંગાવવામાં આવી છે. જિલ્લા યુવા વિકાસ અધિકારીને ૩૧ ઓકટોબર સુધીમાં અરજી મોકલવાની રહેશે. પરંપરાગત માધ્યમને પ્રોત્સાહિત કરવા ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિ વિભાગ રાજકોટ દ્વારા કલાકારો માટે આ આયોજન કરવામાં આવ્યું છે. અરજી કરનાર કલાકારને સરકાર દ્વારા ફાળવવામાં આવતા લોકડાયરાના કાર્યક્રમો કર્યા બાદ નિયત કરેલ પુરસ્કારની રકમ આપવામાં આવશે.

---------------------------------------------------------------------

-માહિતી, રિદ્ધિ -(નવીન)

# Wildlife Awareness Navsari

નવસારીના ગણદેવી તાલુકાની ગડત શાળામાં આજે વન્ય પ્રાણી જન જાગૃતિ કાર્યક્રમ યોજાશે. દર વર્ષે 2જી ઓક્ટોબરથી વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત ગણદેવીની શાળાઓમાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી.

અમારા નવસારીના પ્રતિનિધી અશોક પટેલ જણાવે છે કે ગણદેવી તાલુકાનાં પાથરી, મોરલી અને કલવાચ ગામની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને બેનરો થકી વન્ય જીવોની વિસ્તૃત માહિતી અપાઈ હતી.

-----------------------------------------------------------------------

-પીટીસી, નવસારી, રિદ્ધી -(નવીન)

# Empowerment Campaign in Patan

**પાટણ જિલ્લા ભાજપ દ્વારા બુથ સશક્તિકરણ અભિયાન અંતર્ગત જિલ્લાના તાલુકાઓમાં કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ચાણસ્મા ખાતે જિલ્લા ભાજપ પ્રમુખની ઉપસ્થિતિમાં ગઈકાલે કાર્યશાળા યોજાઇ હતી.**

**અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકીના જણાવ્યા અનુસાર ભાજપ જિલ્લા પ્રમુખ દશરથજી ઠાકોર દ્વારા સંગઠનાત્મક કાર્યો અને આગામી કાર્યક્રમોના આયોજન અંગે કાર્યશાળામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.**

-----------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, મિતલ-(નવીન)